# Bhakta Kavi Narsinh Mehta University

Govt. Polytechnic College Campus, Bilkha Road, Khadiya,
**Junagadh**
Ph. : (O) 0285-2681400 Fax : (0285) 2681503
Website : http://www.bknmu.edu.in E-mail : registrar@bknmu.edu.in


## પરિપત્ર

વિષય :- આગામી ઓકટોબર-૨૦૧૭ માં લેવાનાર C.B.C.S. (ચોઈસ બેસ્ડ ક્રેડીટ સીસ્ટમ) અંતર્ગત નીચે દર્શાવેલ પીજી. સેમ. – ૩ તેમજ સેમ. – ૧ રેગ્યુલર/પુરક અને બી.એડ. સેમ. - ૧ ની પરીક્ષા ફોર્મની ઓનલાઈન એન્ટ્રી શરૂ કરવા બાબત.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજનાં માન. આચાર્યશ્રીઓ સર્વે સંસ્થાના વડાશ્રીઓને જણાવવાનું કે, પીજી. સેમ.-૩ તેમજ સેમ. – ૧ રેગ્યુલર/પુરક અને બી.એડ. સેમ - ૧ ની પરીક્ષા ફોર્મની ઓનલાઈન એન્ટ્રી તા. ૦૫/૧૦/૨૦૧૭ થી તા. ૧૩/૧૦/૨૦૧૭ સુધી સંબંધીત ભવન-કોલેજો દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરી શકશે. ત્યારબાદ તા. ૧૫/૧૦/૨૦૧૭ સુધી લેઇટ ફી રૂ. ૫૦૦ સાથે પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

| Sr No | Faculty | Sr No | Faculty |
|---|---|---|---|
| 1 | એમ.એ. સેમેસ્ટર (ALL) – ૦૧ અને ૦૩ | 6 | એલ.એલ.એમ. સેમેસ્ટર– ૦૧ અને ૦૩ |
| 2 | એમ.કોમ. સેમેસ્ટર– ૦૧ અને ૦૩ | 7 | એમ.એસ.ડબલ્યુ. સેમેસ્ટર– ૦૧ અને ૦૩ |
| 3 | એમ.આર.એસ. સેમેસ્ટર– ૦૧ અને ૦૩ | 8 | એમ.એસસી.(આઈ.ટી એન્ડ સી.એ.) સેમેસ્ટર– ૦૧ અને ૦૩ |
| 4 | એમ.એસસી.(હોમ સાયન્સ) સેમેસ્ટર– ૦૧ અને ૦૩ | 9 | એમ.એડ. સેમેસ્ટર – ૦૧ અને ૦૩ |
| 5 | એમ.એસસી.(ALL) સેમેસ્ટર– ૦૧ અને ૦૩ | 10 | બી.એડ. સેમેસ્ટર – ૦૧ |

નોંધ : (૧) પીજી. સેમ. ૩ તેમજ સેમ. – ૧ અને બી.એડ. સેમ - ૧ ના વિદ્યાર્થીની સ્પોર્ટસ અને કલ્ચર ફી જમા કરાવેલ ન હોય તેવા વિદ્યાર્થીઓની ફી પરીક્ષા ફોર્મની સાથે જમા કરાવવાની રહેશે. ત્યારબાદ જ પરીક્ષા ફોર્મ સ્વિકારવામાં આવશે. ફીનો ડીમાન્ડ ડ્રાફ્ટ કુલસચિવશ્રી ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢના નામે કઢાવીને જમા કરાવવાની રહેશે.

(૨) જે વિદ્યાર્થીઓને ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફીકેટ જમા કરાવવાનું બાકી હોય, તેવા વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરતી વખતે સાથે જોડીને લાવવાનું રહેશે, અન્યથા પરીક્ષા ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ. યુ.જી. સેમેસ્ટર-૩ ના ફાઈનલ એલીજીબીલીટી સર્ટિફીકેટ જમા કરાવવાનું બાકી હોય તેવી સંસ્થાઓએ પ્રથમ સેમેસ્ટરમાં પરીક્ષા ફોર્મ જમા કરાવતી વખતે જમા કરવાના રહેશે.

(૩) ભારત સરકારના ડિઝીટલ ટ્રાન્ઝેક્શન અનુસાર તમામ પરીક્ષા ફી ની રકમ "<u>રજીસ્ટ્રાર, ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ</u>" નામનો જ ડી.ડી. કઢાવવાનો રહેશે અથવા <u>ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડ</u>થી પણ ફી સ્વિકારવામાં આવશે. રોકડેથી કોઇ પણ પ્રકારની ફી સ્વિકારવામાં આવશે નહિ જેની સંબંધિત સર્વોએ નોંધ લેવી.

## <u>અગત્યની નોધ :</u>

- <u>જે વિધાર્થીઓના શરતચૂકથી એનરોલ્મેન્ટ તેમજ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ કઢાવવાના રહી ગયા હોય તેવી કોલેજો દ્વારા નિયમોનુસાર ફી ભરી તાત્કાલીક પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે. તેમજ અન્ય વિધાર્થીઓને</u>

એનરોલ્મેન્ટ ક્વેરી રૂબરૂમાં જે તે સંસ્થા દ્વારા તાત્કાલીક ક્વેરી સોલ્વ કરી પરીક્ષા ફોર્મ ભરવાના રહેશે.

ઓનલાઈન એન્ટ્રી માટે યુનિવર્સિટીની વેબસાઈટ

- www.bknmu.gipl.net નો ઉપયોગ કરવો.
- ખાસ જણાવવાનું કે, ઉપર્યુક્ત ઓનલાઈન એન્ટ્રી કરવાની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ (ફી + રૂ. ૫૦૦) બાદ કરવામાં આવતી એન્ટ્રી સોફ્ટવેર પ્રોગ્રામ સ્વીકારશે નહી, જે ધ્યાને લેવા વિનંતી છે. ઓનલાઈન એન્ટ્રી કરવાની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ બાદ ફી મેમો તથા પરીક્ષા ફી ભર્યાની રસીદ પરીક્ષા વિભાગમાં આપવાની રહેશે અને પરીક્ષા ફી યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.
- નોંધ : ઓનલાઈન એન્ટ્રીની લેઇટ ફી સાથેની છેલ્લી તારીખ ૧૬/૧૦/૨૦૧૭ સુધી પરીક્ષાર્થીઓના આવેદનપત્રો પેનલ્ટી ફી (ફી + રૂ. ૫૦૦ + રૂ. ૧૫૦૦) સાથે કોલેજ દ્વારા યુનિવર્સિટીમાં રૂબરૂ સ્વીકારવામાં આવશે. ત્યારબાદ આવેદનપત્રો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહી. જેની નોંધ લેવી.
- આ પરિપત્ર તથા ઉક્ત પરીક્ષાના કોરા આવેદનપત્રો યુનિવર્સિટીની વેબસાઈટ **www.bknmu.edu.in** **માંથી ડાઉનલોડ કરી શકશો.**
- જે વિદ્યાર્થીઓની ટર્મ ગ્રાન્ટ ન થતી હોય તેમજ પરીક્ષામાં બેસવા માટે ગેરલાયક થતાં હોય તેવા વિદ્યાર્થીઓની એક યાદી કોલેજ લેટર પેડ પર આચાર્યશ્રીની સહી સાથે પરીક્ષા શરૂ થવાના બે સપ્તાહ પૂર્વે અચૂક થી મોકલી આપવી જેથી કરીને તેમની લેવાનાર થીયરી પરીક્ષા રદબાતલ થશે. આ અંગે સઘળી જવાબદારી કોલેજની રહેશે. હાલ જે પરીક્ષાના ફોર્મ ભરવામાં આવનાર છે તે માત્ર વ્યવસ્થાના ભાગરૂપે કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી રહી છે.
- હવે કોઈપણ પત્ર વ્યવહાર આ વિભાગ દ્વારા કરવામાં આવશે નહી અને આ અંગેના તમામ પરિપત્રો નીચે દર્શાવેલ વેબસાઈટ પર મુકવામાં આવશે જે સમયાંતરે આચાર્યશ્રી/અધ્યક્ષશ્રીએ જોઈ અને અમલમાં મુકવાના રહેશે.
- www.bknmu.edu.in

**પરીક્ષા નિયામક**

ક્રમાંક/બીકેએનએમયુ/પરીક્ષા/૦૨/૪૪૯૭/૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ,
ખડીયા, જૂનાગઢ-362263
તા. 03/૧૦/૨૦૧૭.

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/
પી.જી.સેન્ટરના વાડાઓ તરફ...

**નકલ સાદર રવાના:-**

(1) માન.કુલપતિશ્રી/ કુલસચિવશ્રીનાઅંગત સચિવશ્રી,

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**

(1) આઈ.ટી. સેલ વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા અર્થે
(2) એકાઉન્ટ શાખામાં જાણ અર્થે.